:: પ્રેસનોટ ::

**"સુરત મહાનગરપાલિકા આયોજીત ૧૭મો સ્વામી વિવેકાનંદ રાષ્ટ્રીય પુસ્તક મેળો"**

વિષય : સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૪ થી ૨૮ જાન્યુઆરી ૨૦૧૮ દરમ્યાન વનિતા વિશ્રામ ગ્રાઉન્ડ, અઠવાગેટ, સુરત ખાતે આયોજીત પુસ્તકમેળાના સેમીનાર હોલમાં યોજાનાર સ્પર્ધાઓ.

સુરત મહાનગરપાલિકા દ્વારા "૧૭મો સ્વામી વિવેકાનંદ રાષ્ટ્રીય પુસ્તક મેળો 'વિદ્યા–૨૦૧૮, ૧૫મો રાષ્ટ્રીય બાગાયત હર્બલ મેળો અને ફલાવર શો 'સુમન–૨૦૧૮, ૭મો શિલ્પગ્રામ મેળો–શિલ્પગ્રામ–૨૦૧૮"નું આયોજન તા.૨૪/૦૧/૨૦૧૮ થી તા.૨૮/૦૧/૨૦૧૮ દરમ્યાન વનિતા વિશ્રામ ગ્રાઉન્ડ, અઠવાગેટ, સુરત ખાતે કરવામાં આવેલ છે. આ પુસ્તક મેળાના સેમિનાર હોલમાં વિવિધ સ્પર્ધાઓ, ગાર્ડન વિભાગ દ્વારા પુષ્પની જાળવણી અને ગોઠવણીને લગતી સ્પર્ધાઓ અને વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે.

આ પુસ્તક મેળાના સેમિનાર હોલમાં વિદ્યાર્થીઓ અને કલાકારોમાં છુપાયેલી સર્જનશીલતાને બહાર લાવવા તા.૨૫/૦૧/૨૦૧૮ અને તા.૨૭/૦૧/૨૦૧૮ના રોજ અનુક્રમે નિબંધ સ્પર્ધા અને રંગપુરણી હરિફાઈ બપોરે ૧૨.૦૦ કલાકે તથા સાંજે ૭.૦૦ કલાકે મનોરંજનસભર રંગારંગ કાર્યક્રમ, જુના ફિલ્મી ગીતોની સફર, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળાઓનો અને શહેરની શાળા/કલા સંસ્થાઓનો સાંસ્કૃતિક કાર્યક્રમ તથા સિદી ધમાલ વિગેરે કાર્યક્રમો યોજવામાં આવનાર છે. ગાર્ડન વિભાગ દ્વારા તાજા ફુલોની ગોઠવણી, ફુલોના ગજરા/ફુલોની વેણી, ઔષધિય વનસ્પતિના કુંડા, સુકા ફુલોની ગોઠવણી, સલાડ ડેકોરેશન, ફુલોના હાર/તોરણ જેવી પુષ્પની જાળવણી અને ગોઠવણીને લગતી હરીફાઈઓ યોજાશે. મેળામાં પ્રવેશ વિનામુલ્યે રાખવામાં આવેલ છે અને મેળાનો સમય સવારે ૧૧.૦૦ કલાક થી રાત્રે ૧૦.૦૦ કલાક સુધીનો રહેશે. "જ્ઞાનની પરબે, પુષ્પની સુવાસે અને શિલ્પગ્રામની સથવારે યોજાતા આ સાંસ્કૃતિક રસાસ્વાદને માણવા" જાહેર જનતાને નિમંત્રણ છે તથા રજીસ્ટ્રેશન કરાવેલ સ્પર્ધકોએ સ્પર્ધામાં સમયસર ઉપસ્થિત રહેવા નોંધ લેવી.

**સુરત મહાનગરપાલિકા દ્વારા આયોજીત "૧૭મો સ્વામી વિવેકાનંદ રાષ્ટ્રીય પુસ્તક મેળા"માં યોજાનાર વિવિધ સ્પર્ધાઓ અને કાર્યક્રમો અંગેની માહિતી**

| ક્રમ | તારીખ / વાર | સ્પર્ધા / કાર્યક્રમ | | |
|---|---|---|---|---|
| | | બપોરે ૧૨.૦૦ કલાકે | બપોરે ૩.૦૦ કલાકે | સાંજે ૭.૦૦ કલાકે |
| ૧ | ૨૪/૦૧/૨૦૧૮ બુધવાર | – | શ્રીધર પરાડકર(ગ્વાલિયર) (પ્રસિદ્ધ સાહિત્યકાર–રાષ્ટ્રીય ચિંતક) દ્વારા રાષ્ટ્ર, રાષ્ટ્રીયતા અને સાંસ્કૃતિક રાષ્ટ્રવાદ વિષય ઉપર વ્યાખ્યાન (સાંજે ૩.૩૦ થી ૬.૩૦) | રંગારંગ કાર્યક્રમ |
| ૨ | ૨૫/૦૧/૨૦૧૮ ગુરૂવાર | નિબંધ સ્પર્ધા (ધો.૬ થી ૧૦) (બપોરે ૧૨ થી ૨) | ડો.ઉષાબેન ઉપાધ્યાય (અમદાવાદ) (પ્રસિદ્ધ કવિયત્રી–વિવેચક) દ્વારા ભારતીય સંસ્કૃતિ વિષય ઉપર વ્યાખ્યાન (સાંજે ૩.૩૦ થી ૬.૩૦) | જુના ફિલ્મી ગીતોની સફર |
| ૩ | ૨૬/૦૧/૨૦૧૮ શુક્રવાર | – | – | નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળાઓનો સાંસ્કૃતિક કાર્યક્રમ |
| ૪ | ૨૭/૦૧/૨૦૧૮ શનિવાર | રંગપુરણી સ્પર્ધા (ધો.૧ થી ૪) (બપોરે ૧૨ થી ૨) | – | શહેરની શાળા / કલા સંસ્થાઓનો સાંસ્કૃતિક કાર્યક્રમ |
| ૫ | ૨૮/૦૧/૨૦૧૮ રવિવાર | – | – | સિદી ધમાલ |

સમાચાર યાદી નં. 703 , તા.૨૨/૦૧/૨૦૧૮, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.

A:\NEW ADMIN 2017-18\BOOK FAIR 2018.docx

# <u>પ્રેસનોટ</u>

સાઉથ ઝોન (ઉધના) ના સમાવિષ્ટ વિસ્તારો પૈકી પાંડેસરા તેમજ ભેસ્તાન અદ્યૌગિક મિલકતોના બાકી વેરો ભરપાઈ ન કરવાને કારણે સાઉથ ઝોન (ઉધના)ના આકારણી અને વસુલાત વિભાગ ધ્વારા તા.૧૭/૦૧/૨૦૧૮ ના રોજ કુલ ૩ ટીમ બનાવી જે મિલકતોના વેરા બાકી હોય તેવી મિલકતોને સીલ મારવાની કાર્યવાહી ચાલુ કરવામાં આવેલ છે જે અંતર્ગત તા.૨૨/૦૧/૨૦૧૮ ના રોજ કુલ ૭૦ મિલકતોને સીલ મારવાની કાર્યવાહી કરતા સદર કાર્યવાહી દરમ્યાન કુલ રૂા.૧૮.૩૦ લાખથી વધુ મિલકત વેરો સ્થળ પર વસુલ કરવામાં આવેલ છે. આમ આજ રોજ મિલકતવેરા અને વ્યવસાયવેરા મળીને રૂા.૩૮ લાખથી વધુ વેરાની વસુલાત ઉધના ઝોન ધ્વારા કરવામાં આવેલ છે.

સાઉથ ઝોન (ઉધના) ધ્વારા મિલકત વેરો અને વ્યવસાય વેરો ન ભરતી સંસ્થાઓને તાકીદે પોતાનો બાકી વેરો ભરી દેવા અપીલ કરવામાં આવે છે.

# પ્રેસ નોટ

સુરત મહાનગરપાલિકા ધ્વારા તા.૨૨/૦૧/૨૦૧૮ના રોજ સાયન્સ સેન્ટર ખાતે સુરત શહેરનો કોમ્પ્રીહેન્સીવ મોબિલીટી પ્લાન –૨૦૪૬નું પ્રેઝન્ટેશન રાખવામાં આવેલ. જેનો મુખ્ય હેતુ સુરત શહેરના દરેક જગ્યાએથી અન્ય જગ્યાએ જવા માટેના ઉપયોગની સમીક્ષા કરવાનું છે.

આ સમારંભમાં સુરત મહાનગરપાલિકાના મા.મેયરશ્રી, મા.ડે.મેયરશ્રી, મા.સ્થાયી સમિતિ ચેરમેનશ્રી તથા મા.કમિશ્નરશ્રી અને સુરત મહાનગરપાલિકાના પદાધિકારીશ્રીઓ તથા શહેરની વિવિધ સંસ્થા જેવી કે SVNIT, SCET, SUDA, આર્કીટેક્સ, એન્જીનીયર્સ તથા વિવિધ કોલેજના સ્ટુડન્ટો હાજર રહેલ. મા.મેયરશ્રી ધ્વારા તમામને શહેરના કોમ્પ્રીહેન્સીવ મોબિલીટી પ્લાનના મહત્વ વિશે ઉલ્લેખ કરી પ્રવચન કરેલ. મ્યુ.કમિશ્નરશ્રી ધ્વારા તેઓના પ્રવચનમાં સુરત શહેરની મોબીલીટી વધુ સરળ અને સુદઢ કેવી રીતે કરી શકાય તે બાબત પર ભાર આપવામાં આવેલ તેમજ રાહદારીઓ માટે ટ્રાફિક સીગ્નલ, નોન મોટરાઈઝ ટ્રાન્સપોર્ટનો સમાવેશ 'કોમ્પ્રીહેન્સીવ મોબિલીટી પ્લાન' થાય તેવુ જણાવેલ. સુરત શહેર એક આગળ પડતું સ્માર્ટ સીટી અને સોલાર સીટી છે. તે બાબતે મળેલ એવોર્ડનો ઉલ્લેખ કરેલ તેમજ તેઓ ધ્વારા સુરત શહેરમાં ઈ–બસની પણ ભલામણ કરેલ છે. ડે.કમિશ્નરશ્રી એમ.નાગરાજન ધ્વારા સુરત શહેરની વિવિધ ટ્રાફિક સમસ્યાના નિરાકરણ કરવા રજુઆત કરેલ.

અમદાવાદની સંસ્થા 'સેન્ટર ફોર એન્વાયરમેન્ટ પ્લાનીંગ એન્ડ ટેકનોલોજી' (CEPT)ના પ્રોફેસર શિવાનંદ સ્વામી ધ્વારા ટેકનીકલ સેશનમાં સુરત શહેરના કોમ્પ્રીહેન્સીવ મોબિલીટી પ્લાનના વિવિધ મુદાઓ અંગે વિસ્તારપૂર્વક પ્રેઝન્ટેશન કરેલ. જે નીચે મુજબ છે. સુરત શહેર આગામી ૩૦ વર્ષમાં (૨૦૪૬)

- સુરત શહેરની વસ્તી ૬૦ લાખથી વધી ૧૨૫ લાખ થવા જાય છે.
- રાહદારીઓની મુસાફરી અઢીગણી વધી જવાની શકયતા છે.
- એવરેજ સ્પીડ ૨૯ કિ.મી. પ્રતિકલાક થવાની શકયતા છે.
- કાર્બન ગેસ એમીશન ખુબજ વધી જવાની શકયતા છે.

ઉકત મુદાઓને ધ્યાને લઈ તેઓ ધ્વારા હકોમ્પ્રીહેન્સીવ મોબિલીટી પ્લાન' માં વિવિધ સુચનો રજૂ કરેલ છે, જે મુખ્યત્વે નીચે મુજબ છે.

- સુરત શહેરમાં રીંગ અને રેડીયલ રોડ નેટવર્ક
- પબ્લીક ટ્રાન્સપોર્ટેશન સીસ્ટમનો વધુ ઉપયોગ
- મહત્વના ઈન્ટરચેઈન્જ બનાવવા
- ઈ–બસનો સમાવેશ કરવો
- પાર્કિંગને વ્યવસ્થિત કરવુ જેથી અકસ્માતોની સંખ્યા ઘટે.
- વધુ એક નવા રીંગરોડનું આયોજન કરવું

ઉપરોકત તમામ મુદાઓને લઈ વિસ્તારપૂર્વક પ્રેઝન્ટેશન કરવામાં આવેલ છે.

જનસંપર્ક અધિકારી ..............................
સમચાર યાદી નં. ...7..0..5
તા. ૨૨/૦૧/૨૦૧૮



# સુરત મહાનગરપાલિકા

# સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન

# અખબારી યાદી

સુરત મહાનગરપાલિકાના સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન વિસ્તારમાં તા.૨૨/૦૧/૨૦૧૮ ના રોજ નીચે મુજબની કામગીરી કરવામાં આવેલ છે.

- સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન વિસ્તારમાં ડ્રા.ટી.પી.સ્કીમ નં.૨૭(ભટાર–મજુરા) ગાંધી કુટીર થી બમરોલી ચાર રસ્તા સુધીના ડ્રા.ટી.પી.સ્કીમ મુજબ રસ્તા ખુલ્લા કરવાની કામગીરી અન્વયે પાર્ટ ૪૧૦ ચો.મી. ટી.પી.રસ્તાનો કબજો લીધેલ છે. જે પૈકી ૦૪ પતરાના શેડ, ૬૫ ૨.મી. કમ્પાઉન્ડ વોલ તથા ૦૫ ઝુંપડા દૂર કરી, રસ્તાનો પ્રત્યક્ષ કબજો લેવામાં આવેલ છે. જયારે ગ્રાઉન્ડ ફ્લોર+બે માળની ૦૨ મિલ્કતો ઉતારવાની કામગીરી સ્થળ પર ચાલુ કરવામાં આવેલ છે. સદરહુ ટી.પી.રસ્તાનો કબજો લેવાથી ગાંધી કુટીર થી બમરોલી બ્રીજ તરફ જતાં કાયમી ધોરણે રહેતા ટ્રાફિકની સમસ્યાનું નિરાકરણ થશે.

ઉપરોકત કામગીરી એડી.સીટી ઈજનેરશ્રી(સીવીલ)ની સુચના તથા કાર્યપાલક ઈજનેરશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ તેમજ અત્રેના સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન શહેર વિકાસ સ્ટાફ તથા દબાણ સ્ટાફની મદદથી કરવામાં આવેલ છે.

૭૦૭

:: પ્રેસનોટ ::

**સુરત મહાનગરપાલિકા દ્વારા પ્રજાસત્તાક દિન : ૨૬મી જાન્યુઆરી ૨૦૧૮ની રાંદેર ઝોનમાં ઉજવણી**

વિષય: સુરત મહાનગરપાલિકા દ્વારા ભારતના રાષ્ટ્રીય પર્વ પ્રજાસત્તાક દિન : ૨૬મી જાન્યુઆરી, ૨૦૧૮ની રાંદેર ઝોનમાં ઉજવણી

ભારતના રાષ્ટ્રીય પર્વ પ્રજાસત્તાક દિનની ઉજવણીના ભાગરૂપે સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૬/૦૧/૨૦૧૮ના રોજ સવારે ૧૦.૦૦ કલાકે જોગાણીનગર પાર્ટી પ્લોટ, ટી.પી. ૧૩(અડાજણ), ફા.પ્લોટ નં.૧૩૨, "જ્યોતીન્દ્ર દવે ઉદ્યાન"ની બાજુમાં, હનીપાર્ક ચાર રસ્તા, અડાજણ, સુરત ખાતે મા.મેયરશ્રીમતી અસ્મિતાબેન પી. શિરોયાના વરદહસ્તે ધ્વજવંદનનો કાર્યક્રમ યોજાનાર છે. પ્રજાસત્તાક પર્વના અવસરે સવારે રાંદેર ઝોન વિસ્તારની ખાનગી અને નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળાઓના વિદ્યાર્થીઓની ટેબ્લોઝ અને દેશભકિતના નારા સાથેની પ્રભાત ફેરી જોગાણીનગરથી હનીપાર્ક રોડ, પ્રાઈમ આર્કેડથી સહજ સુપર સ્ટોર્સ થઈ જોગાણીનગર પાર્ટીપ્લોટ ખાતે ધ્વજવંદન સમારોહમાં જોડાશે. સુરત મહાનગરપાલિકાના ફાયર વિભાગ તથા વોચ એન્ડ વોર્ડ વિભાગના સીકયુરીટી જવાનોની માર્ચ પાસ્ટ સાથે ત્રિરંગાને સન્માનપૂર્વક સલામી આપવામાં આવશે. ધ્વજવંદન બાદ યોજાનાર સન્માન સમારોહમાં પ્રજાસત્તાક પર્વની ઉજવણી અંતર્ગત તા.૧૯/૦૧/૨૦૧૮ના રોજ સ્કૂલ ચિલ્ડ્રન હોલ, અડાજણ ખાતે યોજાયેલ રંગપૂરણી અને નિબંધ હરિફાઈના વિજેતાઓને ટ્રોફી અને પ્રમાણપત્ર તથા રાષ્ટ્રીય–આંતરરાષ્ટ્રીય કક્ષાએ વિરલ સિધ્ધી હાંસલ કરેલ શહેરના રમતવીરોને ચેક અને સ્મૃતિભેટ એનાયત કરી સન્માનિત કરવામાં આવશે. સન્માનિત થનાર રમતવીરો વિગેરેને સવારે ૯ કલાક પહેલાં રજીસ્ટ્રેશન કરાવી બેચ મેળવી લેવાના રહેશે.

પ્રજાસત્તાક દિનની લોકોના પર્વ તરીકે લોક સહયોગથી ઉજવણી માટે રાંદેર ઝોન વિસ્તારની નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અને ખાનગી શાળાઓના વિદ્યાર્થીઓ તથા શહેરની કલા સંસ્થાના કલાકારો દ્વારા દેશભકિતને ઉજાગર કરતા રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે. ધ્વજવંદન સ્થળ વિસ્તારમાં આવેલ રોડ ડિવાઈડરો તથા ઝોન કચેરીઓને રંગબેરંગી રોશનીથી શણગારવામાં આવશે. રાષ્ટ્રના ગૌરવ સમા આ શાનદાર પર્વની ઉજવણીમાં ઉત્સાહભેર જોડાવા સુરત મહાનગરપાલિકા અપીલ કરે છે.

સમાચારયાદી નં. 707, તા.૨૩/૦૧/૨૦૧૮, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.

:: પ્રેસનોટ ::

## :: "નેતાજી સુભાષચંદ્ર બોઝ જન્મજયંતિ" ::

વિષય : સુરત મહાનગરપાલિકા દ્વારા નેતાજી સુભાષચંદ્ર બોઝની ૧૨૧મી જન્મજયંતિ ઉજવણી નિમિત્તે તા.૨૩/૦૧/૨૦૧૮ના રોજ યોજાયેલ પુષ્પાંજલી સહ વંદના કાર્યક્રમ.

ભારત દેશની આઝાદીના લડવૈયા નેતાજી સુભાષચંદ્ર બોઝની ૧૨૧મી જન્મજયંતિ ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૩/૦૧/૨૦૧૮ને મંગળવારના રોજ સવારે ૮.૩૦ કલાકે ગોપીપુરા, સુભાષચોક, સુરત ખાતે પુષ્પાંજલી સહ વંદનાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આઝાદ હિંદ ફોજની સ્થાપના કરી ભારત દેશની આઝાદી અપાવવામાં મહત્વની ભુમિકા અદા કરનારા નેતાજી સુભાષચંદ્ર બોઝને મા.મેયરશ્રીમતી અસ્મિતાબેન પી. શિરોયા, માન.ડે.મેયરશ્રી શંકરલાલ ચેવલી, મ્યુનિસિપલ કમિશનરશ્રી એમ. થેન્નારસન,આઈ.એ.એસ., શાસકપક્ષ નેતાશ્રી ગિરિજાશંકર મિશ્રા, સમાજ કલ્યાણ આનંદ પ્રમોદ અને સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષાશ્રીમતી રૂપલબેન શાહ, વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, મ્યુ.સભ્યશ્રીઓ, અધિકારીગણ તથા સ્થાનિક નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી નેતાજી સુભાષચંદ્ર બોઝને પુષ્પાંજલી અર્પણ કરી વંદના કરી હતી. નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળાના વિદ્યાર્થીઓએ માતૃભૂમિની મુકિત માટે છેડાયેલા જંગમાં અગ્રેસર એવા સુભાષચંદ્ર બોઝના જીવન પર વકતવ્ય રજુ કરી 'તુમ મુજે ખૂન દો, મે તુમ્હે આઝાદી દુંગા', 'આઝાદી અમર રહો' જેવા રાષ્ટ્રીય નારાઓથી નેતાજીને યાદ કર્યા હતા.

સમાચાર યાદી નં. 708 , તા.૨૩/૦૧/૨૦૧૮, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.



ભારત દેશની આઝાદીના લડવૈયા નેતાજી સુભાષચંદ્ર બોઝની ૧૨૧મી જન્મજયંતિ ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૩/૦૧/૨૦૧૮ના રોજ સુભાષચોક ખાતે નેતાજીને પુષ્પાંજલી સહ વંદના કરતા મા.મેયરશ્રીમતી અસ્મિતાબેન પી. શિરોયા તથા ડે.મેયરશ્રી શંકરલાલ ચેવલી દ્રશ્યમાન છે.

# પ્રેસનોટ

સાઉથ ઝોન (ઉધના) ના સમાવિષ્ટ વિસ્તારો પૈકી પાંડેસરા તેમજ ભેસ્તાન અદ્યૌગિક મિલકતોના બાકી વેરો ભરપાઈ ન કરવાને કારણે સાઉથ ઝોન (ઉધના)ના આકારણી અને વસુલાત વિભાગ ધ્વારા તા.૧૭/૦૧/૨૦૧૮ ના રોજ કુલ ૩ ટીમ બનાવી જે મિલકતોના વેરા બાકી હોય તેવી મિલકતોને સીલ મારવાની કાર્યવાહી ચાલુ કરવામાં આવેલ છે જે અંતર્ગત તા.૨૩/૦૧/૨૦૧૮ ના રોજ કુલ ૯૭ મિલકતોને સીલ મારવાની કાર્યવાહી કરતા સદર કાર્યવાહી દરમ્યાન કુલ રૂા.૧૬.૫૦ લાખથી વધુ મિલકત વેરો સ્થળ પર વસુલ કરવામાં આવેલ છે. આમ આજ રોજ મિલકતવેરા અને વ્યવસાયવેરા મળીને રૂા.૩૨ લાખથી વધુ વેરાની વસુલાત ઉધના ઝોન ધ્વારા કરવામાં આવેલ છે.

સાઉથ ઝોન (ઉધના) ધ્વારા મિલકત વેરો અને વ્યવસાય વેરો ન ભરતી સંસ્થાઓને તાકીદે પોતાનો બાકી વેરો ભરી દેવા અપીલ કરવામાં આવે છે.

## સુરત મહાનગરપાલિકા

## પ્રેસનોટ

(૧)પશ્ચિમ ઝોન(રાંદેર)માં આવેલ ટી.પી.સ્કીમ નં.૧૪(પાલ),ફા.પ્લોટ નં.૧૩૪ પૈકી સબ પ્લોટ નં."એ" માં સુરત મહાનગરપાલિકા દ્વારા ભોંયતળિયે+ચાર માળના કોમર્શિયલ બિલ્ડીંગ તરીકે મંજુર થયેલ બાંધકામમાં ટેરેસ ફ્લોર ઉપર ગેરકાયદેસર રીતે આશરે ૭૧૦૦ ચો.ફુટ નું માપ વિસ્તારમાં "MAZEH" નામે ઓળખાતી ટેરેસ રેસ્ટોરન્ટ નું બાંધકામ કરી કોમર્શિયલ વપરાશ કરવામાં આવતો હતો. પ્રશ્નવાળી ગેરકાયદેસર મિલ્કત અંગે અત્રેથી જી.પી.એમ.સી. એક્ટ ૧૯૪૯ અન્વયે તા.૦૫/૦૧/૨૦૧૮થી કારણદર્શક નોટીસ આપવામાં આવેલ છતાં પણ કબજેદાર/ મિલ્કતદાર દ્વારા તેનું પાલન ન કરતા તેમજ કોમર્શિયલ વપરાશ ચાલુ રાખતા આજરોજ એન્ટ્રી નોટીસ આપી પશ્ચિમ ઝોન(રાંદેર) દબાણ ખાતા તથા શહેર વિકાસ દ્વારા ડીમોલેશન કરી ટેરેસ ખુલ્લી કરવામાં આવેલ છે. જે અન્વયે મિલ્કતદાર પાસે થી કુલ રૂ.૫૦,૦૦૦/- ડીમોલેશન ચાર્જ પેટે વસુલ કરવામાં આવેલ.

(૨) પશ્ચિમ ઝોન(રાંદેર)માં આવેલ ટી.પી.સ્કીમ નં.૧૪(પાલ),ફા.પ્લોટ નં.૧૪૪માં સુરત મહાનગરપાલિકાની મંજૂરી લીધા વિના કબ્જેદાર ધ્વારા "માં મોટેલ વાડી રેસ્ટોરન્ટ" નામે ઓળખાતી ગાર્ડન ટેરેસનું બાંધકામ કરી કોમર્શિયલ વપરાશ કરવામાં આવેલ હતો. પ્રશ્નવાળી ગેરકાયદેસર મિલ્કત અંગે અત્રેથી જી.પી.એમ.સી. એક્ટ ૧૯૪૯ અન્વયે તા.૦૫/૦૧/૨૦૧૮થી કારણદર્શક નોટીસ આપવામાં આવેલ છતાં પણ કબજેદાર/ મિલ્કતદાર દ્વારા તેનું પાલન ન કરતા તેમજ કોમર્શિયલ વપરાશ ચાલુ રાખતા આજરોજ એન્ટ્રી નોટીસ આપી પશ્ચિમ ઝોનનાં દબાણ ખાતા તથા શહેર વિકાસ દ્વારા આશરે ૧૦,૦૦૦ ચો. ફુટ ડીમોલેશન કરી ગેરકાયદેસર વપરાશ રેસ્ટોરન્ટમાં લાગત સાધન સામગ્રી જપ્ત કરી અત્રેના દબાણ ડેપો ઉપર જમા લેવામાં આવેલ છે. સદર ડીમોલેશન અન્વયે કબ્જેદાર / મિલ્કતદાર પાસેથી કુલ રૂ.૫૧,૦૦૦/- ડીમોલેશન ચાર્જ પેટે વસુલ માં આવેલ છે.

સદર કામગીરી અંગે મા.એડી.સીટી.ઈજનેરશ્રીની સુચના તથા કા.પા.ઈજનેરશ્રીના માર્ગદર્શન હેઠળ તથા અડાજણ પોલીસ સ્ટેશનના સ્ટાફ તથા સુરત મહાનગરપાલિકાના સિક્યુરીટી સ્ટાફની મદદથી મિલ્કતદારોનાં વાદ વિવાદ વિરોધ છતા સમજાવટ / પતાવટથી સફળતા પૂર્વક પાર પાડી જાહેર હીતનો હેતુ પાર પાડવામાં આવેલ છે. સદર કામગીરીમાં નીચે જણાવેલ સ્ટાફ/ સાધન સામેલ થયેલ.

પોલીસ ઈન્સપેક્ટર – ૧
આસી.સબ.ઈન્સપેક્ટર – ૧
પો.સબ.ઈન્સપેક્ટર – ૧
કોન્સ્ટેબલ ( પુ / સ્ત્રી ) – ૮
સિક્યોરીટી સ્ટાફ ( પુ / સ્ત્રી ) – ૧૫
આસી.ઈજનેર – ૧
જુની.ઈજનેર – ૩

સુપરવાઈઝર – ૧
જે.સી.બી. – ૧
ટ્રક – ૪ નાં કુલ ૧૦ (દસ) ફેરા

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં. 710

# પ્રેસનોટ

## ગેરકાયદેસર બાંધકામ દૂર કર્યાની વિગત :–

સાઉથ ઝોન(ઉધના)ના કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સાઉથ ઝોન(ઉધના)ના સમાવિષ્ટ વિસ્તારમાં **આજ તા.૨૩/૦૧/૨૦૧૮** ના રોજ ગેરકાયદેસર બાંધકામ દુર કરવામાં આવેલ. જેની વિગત નીચે મુજબ છે.

(૧) ટી.પી.સ્કીમ નં.૫૯(ઉન) માં આવેલ ફા.પ્લોટ નં.૮૩, બ્લોક નં.૧૦૨ના સબપ્લોટ નં.૧૦/એ, ૨૦, ૨૦/એ, ૩૦/એ, આર.સી.સી.પ્રથમ સ્લેબનું ૫૦૦૦ ચો.ફુટ તથા ૧૨૦૦ ચો.ફુટ ચણતર તથા ૦૪ શટર દુર કરવામાં આવેલ. તેમજ રૂા.૬,૪૦,૦૦૦/– ચાર્જ/ડિપોઝીટ વસુલ કરવામાં આવેલ છે.

(૨) ટી.પી.સ્કીમ નં.૧(ઉધના–મજુરા) ફા.પ્લોટ નં.૫૩ હરીનગર સોસાયટી સબપ્લોટ નં.૨૪માં આશરે ૬૦૦ ચો.ફુટ શટરીંગનું બાંધકામ દુર કરવામાં આવેલ છે.

(૩) ટી.પી.સ્કીમ નં.૧(ઉધના–મજુરા) ફા.પ્લોટ નં.૫૩ હરીનગર સોસાયટી સબપ્લોટ નં.૨૪૪માં ૬૦૦ ચો.ફુટ આર.સી.સી.સ્લેબનું બાંધકામ દુર કરવામાં આવેલ છે.

# પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા ધ્વારા વનિતા વિશ્રામ ગ્રાઉન્ડ ખાતે તા.૨૪/૦૧/૨૦૧૮ થી તા.૨૮/૦૧/૨૦૧૮ સુધી આયોજીત સ્વામી વિવેકાનંદ રાષ્ટ્રીય પુસ્તક મેળો"વિદ્યા–૨૦૧૮" રાષ્ટ્રીય બાગાયત હર્બલ મેળો અને ફલાવર શો"સુમન–૨૦૧૮" શિલ્પગ્રામ મેળો" શિલ્પગ્રામ–૨૦૧૮"નું ઉદ્‌ઘાટન લેખક,પત્રકાર અને કોલમિસ્ટ શ્રી કૃષ્ણકાંત ઉનડકટના વરદ્‌હસ્તે તથા માન.મેયર શ્રીમતી અસ્મિતાબેન પ્રફુલભાઈ શિરોયાના પ્રમુખ પદે આજરોજ સંપન્ન કરવામાં આવેલ

માન.મેયર શ્રીમતી અસ્મિતાબેન પ્રફુલભાઈ શિરોયાએ તેમના ઉદ્‌બોધનમાં જણાવ્યું કે સુરત મહાનગરપાલિકા ધ્વારા ૧૭મો સ્વામી વિવેકાનંદ રાષ્ટ્રીય પુસ્તક મેળો "વિદ્યા–૨૦૧૮" ૧૫મો રાષ્ટ્રીય બાગાયત હર્બલ મેળો અને ફલાવર શો"સુમન–૨૦૧૮" અને ૭મો" શિલ્પગ્રામ–૨૦૧૮" નું આયોજન કરવામાં આવેલ છે.શહેરના નગરજનો વાંચન કરે અને પુસ્તકના મહત્વને સમજે એ જ પુસ્તક મેળાનો મુખ્ય હેતુ છે.આજના આ પુસ્તક મેળાનું મહત્વ એ છે કે જ્ઞાનનો વધુને વધુ ફેલાવો કરી શકાય. તેમણે વધુમાં જણાવ્યું કે પુસ્તકો સાંસ્કૃતિક વારસો છે.સારી જીવન દષ્ટિ અને સંસ્કાર માટે પુસ્તકો ઘણા જ ઉપયોગી છે.ઘણા મહાન વ્યકિતઓના નિર્માણમાં પુસ્તકોએ મહત્વનો ભાગ ભજવ્યો છે.ભાષાનું જતન કરવાનું કામ પુસ્તકો કરે છે.સુરત મહાનગરપાલિકામાં ૧૭૨ ગાર્ડન અને શાંતિકુંજ છે શહેરના લોકો વધુને વધુ વૃક્ષો વાવે અને પર્યાવરણના વિકાસમાં સહભાગી બને તે બદલ અપીલ કરી હતી. આ વર્ષે તુલસી કેન્દ્રનો સ્ટોલ પણ ખુલ્લો મુકવામાં આવેલ છે જેમાં તુલસીના ઉપયોગથી માહિતગાર પણ કરવામાં આવશે.શિલ્પકામ એ ઈશ્વરે આપેલ ભેટ છે.

લેખક,પત્રકાર અને કોલમિસ્ટ શ્રી કૃષ્ણકાંત ઉનડકટનું માન.મેયર શ્રીમતી અસ્મિતાબેન પ્રફુલભાઈ શિરોયા તેમજ માન.મ્યુ.કમિશનર શ્રી એમ.થેન્નારસને શાલ તથા પુસ્તક આપી સ્વાગત કરેલ તથા અન્ય મંચસ્થ મહાનુભાવોનું પણ પુસ્તક અર્પણ કરી સ્વાગત કરવામાં આવેલ.

આ પ્રસંગે માન.મેયર શ્રીમતી અસ્મિતાબેન પ્રફુલભાઈ શિરોયા તથા અન્ય મંચસ્થ મહાનુભાવોના વરદ્‌હસ્તે જુદા જુદા વિસ્તારોમાંથી ખાલી પડેલ તથા વેઈટીંગ લીસ્ટમાંથી EWS–૨૨ અને LIG–૯૯ આમ કુલ ૧૨૧ આવાસોનો કોમ્પ્યુટરાઈઝ્ ડ્રો કરવામાં આવેલ.

લેખક,પત્રકાર અને કોલમિસ્ટ શ્રી કૃષ્ણકાંત ઉનડકટ તેમના પ્રવચનમાં જણાવ્યું હતુ કે ૧૭ વર્ષેથી સુરત મહાનગરપાલિકા ધ્વારા પુસ્તક મેળાનું આયોજન થાય છે.કવિ નર્મદનો ડાંડીયો અપ્રિતમ છે સુરતથી શબ્દોને સમૃધ્ધ બનાવે છે.પુસ્તકમેળાની શરૂઆત સુરતમાં અન્ય શહેરોની સરખામણીમાં વહેલી થઈ છે સુરતને ધ્યાનમાં રાખીને બીજા શહેરોમાં પણ શરૂઆત થઈ છે કવિ નર્મદના આ શહેરમાં એક સાથે"વિદ્યા–૨૦૧૮"૧૫મો રાષ્ટ્રીય બાગાયત હર્બલ મેળો અને ફલાવર શો"સુમન–૨૦૧૮" અને ૭મો" શિલ્પગ્રામ–૨૦૧૮" નું આયોજન કરવામાં આવેલ છે તેના ધ્વારા સાબિત થાય છે કે સુરતના લોકો વાંચનપ્રેમી છે.ગુણવંત શાહની એક વાત યાદ રાખવા જેવી છે જે "ઘરમાં પુસ્તકો ન હોય ત્યાં દીકરી ન આપવી"એક માન્યતા એ છે કે પુસ્તકો વેચાતા નથી એ વાત ખોટી છે શબ્દો માનવીને સજીવન રાખે છે શબ્દો આપણી અંદર હોય છે જે ધીરે ધીરે ખીલતા હોય છે શબ્દો આપણને માણસ બનાવે છે પહેલા સાહિત્યકારોને રાજયાશ્રય મળતો હતો આ સાહિત્યકારોનું મહત્વ દર્શાવે છે સૌથી મોટી કરુણાએ છે કે અત્યારની પેઢી માહિતી અને શિક્ષણમાં ભેદ પાડવામાં અટવાય છે ગુગલ તેમને પાણી વિશે સમજાવી શકે તરસ વિશે સમજાવી ન શકે સોશિયલ મીડીયાનો જમાનો છે પરંતુ પરીવારને સમય આપો આપણે વિચાર પર વિચાર કરતા નથી આખો દિવસમાં પાંચ મિનિટ વિચારવું જોઈએ કે મને કેવા વિચારો આવે છે શા માટે વિચારો આવે છે ફેશલેસ કલ્ચર આપણને એકલતા તરફ દોરી જાય છે સુરત શહેરે ઘણા સાક્ષર વ્યકિતઓ આપ્યા છે આ ફકત પુસ્તક મેળો નથી પરંતુ બીજા પણ ઘણા કાર્યક્રમોનું અહીં આયોજન કરવામાં આવેલ છે આ પુસ્તક મેળામાં ઉદ્ઘાટક તરીકે હાજર રહેવુ એ મારુ સદ્ભાગ્ય છે.એક પુસ્તકથી અજવાળુ થાય છે જીવનની દિશા મળે છે પરંતુ અહી તો પાવર હાઉસ છે અહી ઘણા પુસ્તકોના લાભ મળશે.સાહિત્યકાર લખે છે તે વાચકોને આભારી છે માણસ વર્તમાનમાં જીવવાનું શરૂ કરે તો અડધી સમસ્યા આપોઆપ હલ થઈ જાય છે.

આ પ્રસંગે માન.ધારાસભ્ય શ્રીમતી સંગીતાબેન પાટીલ,માન.ધારાસભ્ય શ્રી વિવેકભાઈ પટેલ,માન.ધારાસભ્ય શ્રી પ્રવિણભાઈ ઘોઘારી, માન.શહેર ભાજપ પ્રમુખ શ્રી નિતિનભાઈ ઠાકર,માન.ડે.મેયર શ્રી શંકરલાલ ચેવલી,માન.સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી રાજેશભાઈ દેસાઈ,માન.નેતાશ્રી શાસકપક્ષ શ્રી ગિરિજાશંકર મિશ્રા,વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુ.સદસ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ /કર્મચારીશ્રીઓ,પત્રકારશ્રીઓ/પ્રકાશકો તથા મોટી સંખ્યામાં જાહેર જનતાએ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.




સુરત મહાનગરપાલિ
આયોજીત



# પ્રેસનોટ

## "મેલેરીયા–ડેન્ગ્યુ–ચિકુનગુનિયા વિરોધી માસ" અંતર્ગત યોજાયેલ ચિત્ર/કવીઝ/નિબંધ સ્પર્ધા

ભારત સરકારશ્રી અને ગુજરાત સરકારશ્રીની ગાઈડ લાઈન મુજબ દરવર્ષની જેમ આ વર્ષે પણ સુરત મહાનગરપાલિકા, સેન્ટ્રલ ઝોન, વીબીડીસી વિભાગ દ્વારા **"મેલેરીયા–ડેન્ગ્યુ–ચિકુનગુનિયા વિરોધી માસ"** અંતર્ગત સેન્ટ્રલ ઝોન વિસ્તારની શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાં મચ્છર,તેનું જીવનચક્ર,તેની ઉત્પત્તિ, તેનાથી ફેલાતા રોગો અને તેના અટકાયત માટેના પગલાં બાબતે જરૂરી સમજણ કેળવાય તે હેતુસર સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં આવેલ શાળાઓના વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓ વચ્ચે તા. ૨૫/૦૧/૨૦૧૮ ના રોજ સુરત મહાનગરપાલિકા દ્વારા અંબાબા ગર્લ્સ શાળા, હરીપુરા ખાતે "મેલેરીયા–ડેન્ગ્યુ–ચિકુનગુનિયા વિષયક "ચિત્ર સ્પર્ધા" , "કવીઝ સ્પર્ધા" અને "નિબંધ સ્પર્ધા" નું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવેલ હતું.જેમાં નિબંધ સ્પર્ધામાં સેન્ટ્રલ ઝોન વિસ્તારની કુલ **૧૫** શાળાઓનાં કુલ **૪૪** વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓએ, કિવઝ સ્પર્ધામાં સેન્ટ્રલ ઝોન વિસ્તારની કુલ **૧૮** શાળાઓનાં કુલ **૫૪** વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓએ તેમજ ચિત્ર સ્પર્ધામાં સેન્ટ્રલ ઝોન વિસ્તારની કુલ **૫૦** શાળાઓનાં કુલ **૧૩૯** વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓએ, આમ સેન્ટ્રલ ઝોન વિસ્તારની કુલ **૮૩** શાળાઓનાં કુલ **૨૩૭** વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓએ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સુરત મહાનગરપાલિકાનો હેતુ આ સ્પર્ધા દરમ્યાન ખુબ જ સારી રીતે સાર્થક થયો હતો.સદર સ્પર્ધાઓ પૈકી દરેક સ્પર્ધામાં સારૂ પ્રદર્શન કરનાર વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓને પ્રોત્સાહિત કરવા અનુક્રમે પ્રથમ, દ્વિતિય અને તૃતિય ઈનામ સુરત મહાનગરપાલિકા તરફથી આપવામાં આવનાર છે.

ઉપર મુજબની સ્પર્ધાના આયોજન માટે અંબાબા ગર્લ્સ શાળા, હરીપુરાના આચાર્યશ્રી અને તેમની ટીમનો ખુબ સારો સહકાર સુરત મહાનગરપાલિકાને સાંપડયો હતો.

તમામ સ્પર્ધાઓ સેન્ટ્રલ ઝોનનાં આસી. જંતુનાશક અધિકારીશ્રી જે.આર.પરમારનાં સીધા માર્ગદર્શન અને સુપરવિઝન હેઠળ યોજવામાં આવી હતી.

# સુરત મહાનગરપાલિકા
## પ્રેસ નોટ

**તા.૩૦/૦૧/૨૦૧૮ ને મંગળવારના રોજ સુરત મહાનગરપાલિકા સંચાલિત સલાબતપુરા અને રાંદેર કતલખાના બંધ રહેશે.**

આથી જાહેર જનતા તથા લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, સ્થાયી સમિતિના ઠરાવ નં. ૨૬૧, તા. ૨૦–૦૨–૧૯૭૬ થી વિદીત થઈ, દર વર્ષની જેમ તા.૩૦/૦૧/૨૦૧૮ ને મંગળવારના રોજ ગાંધી નિર્વાણ દિન નિમિત્તે સુરત મહાનગરપાલિકા સંચાલિત સલાબતપુરા અને રાંદેર કતલખાના બંધ રહેશે. જેની મટન–બીફ વેચનાર તમામ લાયસન્સ હોલ્ડરોએ નોંધ લેવી.

સમાચારયાદી નં. 714
તા. ૨૫/૦૧/૨૦૧૮
જનસંપર્ક વિભાગ,
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર

# –: પ્રેસ નોટ :–

## સુરત મહાનગરપાલિકા દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજનાનો કોમ્પ્યુટરાઈઝડ ડ્રો

સુરત મહાનગરપાલિકા દ્વારા શહેરીજનોના "ઘરના ઘરનું" સ્વપ્ન સાકાર થાય તે માટે પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત EWS-1 ટાઈપ સ્કીમના ૩૧૧૮ આવાસ તથા EWS-2 ટાઈપ સ્કીમના ૪૯૯૨ આવાસ મળી કુલ–૮૧૧૦ આવાસોનો કોમ્પ્યુરાઈઝડ ડ્રો શ્રી કૌશિકકુમાર જમનાદાસ પટેલ, માન.મંત્રીશ્રી, મહેસુલ, ગુજરાત રાજયના વરદ હસ્તે તથા માન.મેયર શ્રીમતી અસ્મિતાબેન પ્રફુલભાઈ શિરોયાના પ્રમુખસ્થાને તા.૩૦/૦૧/૨૦૧૮ ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે પંડિત દિનદયાળ ઉપાધ્યાય ઈન્ડોર સ્ટેડિયમ, અઠવાલાઈન્સ, સુરત ખાતે યોજવામાં આવનાર છે. આ કોમ્પ્યુરાઈઝડ ડ્રો માં શહેરીજનો તથા અરજદારોને હાજર રહેવા માટે સુરત મહાનગરપાલિકા દ્વારા જાણ કરવામાં આવે છે.

૭૧૬

:: પ્રેસનોટ ::

વિષય : સુરત મહાનગરપાલિકા દ્વારા મહાત્મા ગાંધી નિર્વાણદિન નિમિત્તે તા.૩૦/૦૧/૨૦૧૮ના રોજ આયોજીત પુષ્પાંજલિ તથા ભજન કાર્યક્રમ

સુરત મહાનગરપાલિકા દ્વારા મહાત્મા ગાંધી નિર્વાણદિન નિમિત્તે તા.૩૦/૦૧/૨૦૧૮ને મંગળવારના રોજ સવારે ૮.૩૦ કલાકે ગાંધીબાગ, ચોકબજાર, સુરત ખાતે પૂજ્ય મહાત્મા ગાંધીજીને પુષ્પાંજલિ તથા ભજનના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં ઉપસ્થિત રહેવા જાહેર જનતાને નિમંત્રણ છે.

સમાચારયાદી નં.૭૧૬ , તા.૨૫/૦૧/૨૦૧૮, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.

# પ્રેસનોટ

સાઉથ ઝોન (ઉધના) ના સમાવિષ્ટ વિસ્તારો પૈકી પાંડેસરા તેમજ ભેસ્તાન અદ્યોગિક મિલકતોના બાકી વેરો ભરપાઈ ન કરવાને કારણે સાઉથ ઝોન (ઉધના)ના આકારણી અને વસુલાત વિભાગ ધ્વારા તા.૧૭/૦૧/૨૦૧૮ ના રોજ કુલ ૩ ટીમ બનાવી જે મિલકતોના વેરા બાકી હોય તેવી મિલકતોને સીલ મારવાની તેમજ બોર્ડ કાર્યવાહી ચાલુ કરવામાં આવેલ છે. જે અંતર્ગત તા.૨૪/૦૧/૨૦૧૮ અને તા.૨૫/૦૧/૨૦૧૮ના રોજ ખાતાના કર્મચારીઓ ધ્વારા વેરો ન ભરનાર કુલ ૧૪૪ મિલકતોને સીલ મારવાની કાર્યવાહી કરતા તેમજ ૨૦ ઓપન પ્લોટો પર જપ્તી / ટાંચમાં લેવાના બોર્ડ લગાડવાની કાર્યવાહી કરતા સ્થળ પર બાકી વેરાદારો પાસેથી કુલ રૂા.૨૨.૮૦ લાખથી વધુ વેરો વસુલ કરવામાં આવેલ છે. સદર બે દિવસ દરમ્યાન મિલકતવેરા અને વ્યવસાયવેરા મળીને રૂા.૮૩.૫૦ લાખથી વધુ વેરાની વસુલાત ઉધના ઝોન ધ્વારા કરવામાં આવેલ છે. વધુમાં જમીન મિલકત વિભાગ તરફથી ભેસ્તાન ખાતે આવેલ EWS આવાસના હપ્તા ન ભરતા હોય તેવા ૨૫ થી વધુ EWS આવાસને સીલ મારવાની કાર્યવાહી કરતા ૨.૫૦ લાખથી વધુ હપ્તાની વસુલાત આજ રોજ તા.૨૫/૦૧/૨૦૧૮ ના રોજ કરવામાં આવેલ છે.

સાઉથ ઝોન (ઉધના) ધ્વારા મિલકત વેરો અને વ્યવસાય વેરો ન ભરતી સંસ્થાઓને તાકીદે પોતાનો બાકી વેરો ભરી દેવા અપીલ કરવામાં આવે છે.

જનસંપર્ક વિભાગ
૨૫/૦૧/૨૦૧૮
સુરત મહાનગર સેવા સદન
તરફથી સાદર સમાચાર યાદી
નં. ૭૧૭

૭૧૭–૧

# પ્રેસનોટ

લાલબહાદુર શાસ્ત્રી નેશનલ એકેડમી ઓફ એડમીનીસ્ટ્રેશન,મસુરીના ૧૮ આઈ.એ.એસ. અધિકારીશ્રીઓ (ટ્રેઈની) વીન્ટર સ્ટડી ટુર (ભારત દર્શન)ના ભાગરૂપે આજ રોજ સુરત મહાનગરપાલિકાની મુલાકાતે આવેલ.

ટ્રેઈની આઈ.એ.એસ.અધિકારીઓએ સુરત મહાનગરપાલિકાના વિવિધ પ્રકલ્પો જેવા કે બમરોલી સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ, બાયો–મેડિકલ વેસ્ટ ડીસ્પોઝલ પ્લાન્ટ,બી.આર.ટી.એસ. રૂટો, કતારગામ ખાતે વોટર વર્કસ,સંજીવકુમાર ઓડિટોરીયમ,પાલ આર.ટી.ઓ પાસે બી.આર.ટી.એસ. જેવા પ્રોજેકટનું નિરીક્ષણ કર્યુ હતુ અને આ પ્રોજેકટો નિહાળી તેઓ પ્રભાવિત થયા હતા.

ત્યારબાદ સુરત મહાનગરપાલિકાની મુખ્ય કચેરી ખાતે સ્મેક સેન્ટરની મુલાકાત લીધી હતી અને માન.મ્યુ.કમિશનર શ્રી એમ.થેન્નારસનની અધ્યક્ષતામાં એક મીટીંગનું આયોજન કરવામાં આવ્યુ હતુ.જેમાં સુરત સ્માર્ટ સીટીના કાર્યોનું પ્રેઝન્ટેશન અને શહેરના વિવિધ વિકાસ કાર્યોની માહિતી આપવામાં આવી હતી આ પ્રસંગે માન.મ્યુ.કમિશનર શ્રી એમ.થેન્નારસન ધ્વારા ડે.ડાયરેકટર(સીનીયર) શ્રીમતી અસ્વથી એસ. આઈ.એ.એસ.,નું બુકે આપી સ્વાગત કરવામાં આવ્યું હતુ આ પ્રસંગે માન.ડે.મ્યુ.કમિશનર(ડેપ્યુટેશન) શ્રી એમ. નાગરાજન,માન.ડે.મ્યુ.કમિશનર શ્રી જે.એમ.પટેલ, માન.મ્યુ.ડે.કમિશનર શ્રી સી.વાય.ભટ્ટ, માન.સીટી ઈજનેર શ્રી બી.આઈ.દલાલ, માન.આસી.મ્યુ. કમિશનર શ્રી કમલેશભાઈ નાયક તથા માન.એડવાઈઝર શ્રી જે.એસ.શાહ ઉપસ્થિત રહયા હતા.

૭૧૮

# –:: પ્રેસનોટ ::–

તા.૨૫–૦૧–૨૦૧૮ ના રોજ સુરત મહાનગરપાલિકા આરોગ્ય વિભાગ તથા સુરત શહેર પોલીસના સંયુકત સહકારથી 'તમાકુ નિયંત્રણ અધિનિયમ – ૨૦૦૩ ' મુજબ શૈક્ષિણિક સંસ્થાઓની ફરતે ૧૦૦ વારની ત્રિજયાના વિસ્તારમાં તમાકુ પ્રોડકટસ વેચાણ પ્રતિબંધિત હોઈ જે અંતર્ગત અભિયાન હાથ ધરવામાં આવેલ. જે સંદર્ભે આજરોજ તમામ ઝોનમાં આવેલ શૈક્ષિણિક સંસ્થાઓની ફરતે ૧૦૦ વારની ત્રિજયાના વિસ્તારમાં તમાકુ પ્રોડકટસ વેચાણ કરતા ઈસમો સામે નીચે મુજબની શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવેલ. જેથી શૈક્ષિણિક સંસ્થાઓની ફરતે ૧૦૦ વારની ત્રિજયાના વિસ્તારમાં તમાકુ પ્રોડકટસ વેચાણ કરનારાઓમાં સન્નાટો ફેલાય જવા પામ્યો છે.

| ઝોન | શૈક્ષણિક સંસ્થાની સંખ્યા કુલ | શૈક્ષણિક સંસ્થાની ૧૦૦વારની ત્રિજયામાં આવેલ કાચા–પાકા કુલ પાનના ગલ્લાની સંખ્યા | શૈક્ષણિક સંસ્થાની ૧૦૦વારની ત્રિજયામાં તમાકુ પ્રોડકટ વેચાણ કરતાં કાચા–પાકા પાનના ગલ્લાની સંખ્યા | શૈક્ષણિક સંસ્થાની ૧૦૦ વારની ત્રિજયામાં તમાકુ પ્રોડકટનું વેચાણ કરતા ઝડપાયેલ ઈસમોની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ રૂ.માં |
|---|---|---|---|---|---|
| **સેન્ટ્રલ** | ૩૨ | ૩૩ | ૨૧ | ૨૧ | ૪૨૦૦ |
| **વરાછા** | ૮૭ | ૧૬ | ૦૬ | ૨૬ | ૫૨૦૦ |
| **રાંદેર** | ૫૭ | ૪૨ | ૩૦ | ૨૩ | ૪૬૦૦ |
| **કતારગામ** | ૬૫ | ૪૮ | ૩૦ | ૨૧ | ૪૨૦૦ |
| **ઉધના** | ૧૭૨ | ૨૦ | ૨૦ | ૧૪ | ૨૮૦૦ |
| **લિંબાયત** | ૪૩ | ૨૮ | ૨૫ | ૧૪ | ૨૮૦૦ |
| **અઠવા** | ૮૮ | ૬૬ | ૨૩ | ૨૫ | ૫૦૦૦ |
| **કુલ** | ૫૪૪ | ૨૫૩ | ૧૫૫ | ૧૪૪ | ૨૮૮૦૦ |

# સુરત મહાનગરપાલિકા
## યુ.સી.ડી. વિભાગ
## અખબારી યાદી

**૬૯ માં પ્રજાસત્તાક દિનની ઉજવણી ૩૦૦ થી વધુ મહિલાઓની નાણાકિય નિરક્ષરતાથી આઝાદી સાથે**

વિષય : તા. ૨૬/૦૧/૨૦૧૮ ના રોજ સુભાષનગર કોમ્યુનિટી હોલ– લીંબાયત ખાતે યોજાયેલ 'નાણાકિય સાક્ષરતા મેગા કેમ્પ" કાર્યક્રમ ઉજવવામાં આવ્યો.

સુરત મહાનગરપાલિકા દ્વારા સુરત શહેરને 'ખુબસુરત' બનાવવાના પ્રયાસોની માત્ર દેશમાં જ નહી પરંતુ વૈશ્વિક ફલક પર નોંધ લેવામાં આવે છે. સુરત મહાનગરપાલિકા આરોગ્ય, સ્વચ્છતા, આંતરમાળખાકિય સુવિધાઓ તેમજ અન્ય જરૂરી સેવાઓ શહેરના નાગરીકોને સંતોષકારક રીતે પુરી પાડવા કટીબધ્ધ છે. શહેરના જરૂરીયાતમંદ અને વંચિત લોકોના સામાજિક અને આર્થિક વિકાસ માટે સુરત મહાનગરપાલિકાના વિવિધ વિભાગો દ્વારા ગરીબ કલ્યાણ મેળા, સેવાસેતુ કાર્યક્રમ, રોજગાર મેળા, રાખીમેળા, નવરાત્રીમેળા, પુસ્તક મેળા, મુદ્રા મેળા, રોજગાર મેળા, સ્માર્ટ આંગણવાડી જેવા અનેક કાર્યક્રમો/પ્રવૃતિઓ થકી વંચિતોને મુખ્યધારામાં જોડવા પ્રયત્નશીલ છે. સુરત મહાનગરપાલિકા યુસીડી વિભાગ અને આઈ.સી.ડી.એસ. વિભાગ તથા બેંક ઓફ બરોડાના સહયોગથી મહિલા સશકિતકરણના પ્રયાસોને વેગ મળે તે હેતુની તા.૨૬/૦૧/૨૦૧૮ ના રોજ સુભાષનગર કોમ્યુનિટી હોલ– લીંબાયત ખાતે "નાણાકિય સાક્ષરતા મેગા કેમ્પ" કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતુ. જેમા દીનદયાળ અંત્યોદય યોજના– રાષ્ટ્રી શહેરી આજીવિકા યોજના હેઠળ રચાયેલા સખી મંડળના બહેનો, જુથ લોનના લાભાર્થીઓ, પીંક ઓટોના લાભાર્થીઓ, આંગણવાડી કાર્યકરો હાજર રહયા હતા.

આ કાર્યક્રમમાં રાષ્ટ્રગીતથી શરૂઆત કરી જેમાં ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવેલ. કાર્યક્રમમાં પ્રાસંગીક ઉદબોધન કરતા બેંક ઓફ બરોડાના ડી.જી.એમ. (સુરત સીટી) શ્રી સંજય ભગુલીવાલએ મહિલા સશકિતકરણ અને બેંકીગ સેવાઓની અગત્યતા વિશે જણાણ્યુ હતુ. માત્ર નાણાકિય સાક્ષરતા જ નહી પરંતુ ડિજિટલ સાક્ષરતા પણ તેટલી જ મહત્વની છે. નંબર તથા પાસવર્ડ અંગે થતી વિવિધ છેતરપીડીઓ તથા તેનાથી કઈ રીતે બચવુ તેની સમજ પુરી પાડી હતી. સામાન્ય મહિલાને બેંક એકાઉન્ટ ખોલાવવાથી લઈને લોન મેળવવા સુધીની પ્રકિયા સમજાવી હતી. આ ઉપરાંત શ્રી સંજય ભગુલીવાલએ વિવિધ વિમા યોજનાઓ સાથે જોડાવાથી થતા ફાયદાઓ અંગે જણાવ્યુ હતુ. જુથલોનના લાભાર્થી બહેનોને આર્થિક રીતે પગભર બની વધુ આગળ વધવા પ્રોત્સાહિત કર્યા હતા. પીંકઓટો પ્રોજેકટના સંદર્ભમાં યુસીડી વિભાગના પ્રયાસને બીરદાવી પીંક ઓટોના લાભાર્થીઓને શહેરમાં ઉત્કૃષ્ટ સેવા થકી વંચિત મહિલાઓ તેમજ સમાજ સમક્ષ વિશેષ ઉદાહરણ બનવા જણાવ્યુ હતુ.

આસી. મ્યુનિ. કમિશનર ડો. ગાયત્રી જરીવાલાએ યુસીડી વિભાગ તેમજ આઈ.સી.ડી.એસ. વિભાગ દ્વારા મહિલા સશકિતકરણના સંદર્ભમાં કરવામાં આવતા વિવિધ પ્રયાસો અંગે માહિતી આપી હતી. તેમજ કાર્યક્રમમાં ઉપસ્થિત બહેનોને નાણાકિય સાક્ષરતા થકી થતા લાભો અંગે માહિતગાર કર્યા હતા. સખી મંડળમાં જોડાવા પહેલા બહેના નાના–નાન કામો થકી વધુ સમય આપી ઓછી આવક મેળવતી હતી. જુથલોન મેળવી

બહેનો જુથમાં કામ કરવાથી સતત વિચારોની આપ–લે થકી  વધુ ઉત્પાદન કરવા તેમજ નવીનતા સાથે ગુણવતાયુકત ઉત્પાદન સક્ષમ બની છે જેથી આ બહેનોની માત્ર આવક જ નહી પરંતુ આત્મવિશ્વાસ અને સન્માનમાં પણ વધારો થયો છે. પિંક ઓટોની તાલીમ પૂર્ણ કરેલ બહેનોને નવી જવાબદારી સારી રીતે પાર પાડવા તથા કુટુંબ અને સમાજમાં અન્ય મહિલાઓ માટે આદર્શ બનવા પ્રેરીત કરી હતી. આ ઉપરાંત આસી. મ્યુનિ. કમિશનરશ્રીએ ખાખરા, નોનવોવન બેગ, વેસ્ટમાથી બેસ્ટ વગેરે વ્યવસાયો થકી મહિલાઓને આગળ વધવા માટે માટે યોગ્ય પ્લેટફોર્મ પુરૂ પાડવા તૈયારી દર્શાવી હતી તેમજ વિવિધ ક્ષેત્રે આજીવિકા મેળવી સ્વનિર્ભર બનવા ઈચ્છતી મહિલાઓને યુસીડી વિભાગનો સંપર્ક કરવા જણાવ્યુ હતુ. પ્રોજેકટ ઓફિસર, યુસીડી વિભાગ શ્રી આર.સી. પટેલે વિભાગના વિવિધ પ્રોજેકટસને સફળ બનાવવામાં બેંક ઓફ બરોડાના મળેલ હકારાત્મક પ્રતિસાદને બીરદાવ્યો હતો.

આ કાર્યક્રમમાં જુથ લોન અંતર્ગત ૧૧ મહિલાઓને સીલાઈ મશીન, ૦૪ જુથ લોનના ચેક, પિંક ઓટો કાર્યક્રમના તાલીમ પૂર્ણ કરેલ બહેનોને પ્રમાણપત્રનુ વિતરણ કરવામાં આવ્યુ હતુ. આ ઉપરાંત આઈ.સી.ડી.એસ. અંતર્ગત કુપોષણને દુર કરવામાં સફળતાપૂર્વક કામ કરતા લીંબાયત વિસ્તારના આંગણવાડી વર્કરોનુ સન્માન કરવામાં આવ્યુ હતુ.

આ કાર્યક્રમમાં શ્રી એસ.એમ. કોકાટે ડી.આર.એમ. બેંક ઓફ બરોડા–સુરત, શ્રી અતુલભાઈ વોરા આર.બી.ડી.એમ. બેંક ઓફ બરોડા–સુરત,  શ્રી એચ. ડી. ઉપાધ્યાય મેનેજર બેંક ઓફ બરોડા–લીંબાયત તથા બેંક ઓફ બરોડાના વિવિધ બ્રાચના મેનેજરશ્રીઓ, યુસીડી વિભાગના કર્મચારીઓ તેમજ બેંક ઓફ બરોડા લીંબાયત શાખાના કર્મચારીઓએ કાર્યક્રમમાં હાજર રહી લાભાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

## :: પ્રેસનોટ ::

**<u>સુરત મહાનગરપાલિકા દ્વારા પ્રજાસત્તાક દિન : ૨૬મી જાન્યુઆરી ૨૦૧૮ની ભવ્ય ઉજવણી</u>**

વિષય : સુરત મહાનગરપાલિકા દ્વારા ભારતના રાષ્ટ્રીય પર્વ પ્રજાસત્તાક દિન : ૨૬મી જાન્યુઆરી, ૨૦૧૮ની રાંદેર ઝોનમાં ઉજવણી

ભારતના રાષ્ટ્રીયપર્વ પ્રજાસત્તાક દિન : ૨૬મી જાન્યુઆરી–૨૦૧૮ની ઉજવણી અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૬/૦૧/૨૦૧૮ના રોજ સવારે ૧૦.૦૦ કલાકે જોગાણીનગર પાર્ટી પ્લોટ, ટી.પી. ૧૩(અડાજણ), ફા.પ્લોટ નં.૧૩૨, ''જયોતીન્દ્ર દવે ઉદ્યાન''ની બાજુમાં, હનીપાર્ક ચાર રસ્તા, અડાજણ, સુરત ખાતે ધ્વજવંદન, સન્માન સમારોહ અને દેશભકિતસભર સાંસ્કૃતિક કાર્યક્રમોનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. પ્રજાસત્તાક પર્વની ખુશનુમા પ્રભાતે રાંદેર ઝોન વિસ્તારની ખાનગી અને નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળાઓના વિદ્યાર્થીઓની બેન્ડની સુમધુર ધુન સાથે પ્રભાત ફેરી (૧) કૃષ્ણકુંજ સોસાયટી પાસેથી, (૨) હોળી ચકલા અડાજણથી તથા (૩) જોગાણીનગરથી હનીપાર્ક રોડ, પ્રાઈમ આર્કેડથી સહજ સુપર સ્ટોર્સ થઈ ધ્વજવંદન સમારોહ સ્થળે આવતાં રાષ્ટ્રભકિતસભર વાતાવરણમાં માન.મેયરશ્રીમતી અસ્મિતાબેન શિરોયાએ ફાયર અને વોચ એન્ડ વોર્ડ વિભાગના જવાનોની પરેડ સાથે રાષ્ટ્રની આન, બાન અને શાન સમા ત્રિરંગાને રાષ્ટ્રગાન સાથે લહેરાવી સન્માનપૂર્વક સલામી આપી હતી. માન.મેયરશ્રીમતી અસ્મિતાબેન શિરોયાએ પ્રસંગોચિત્ત ઉદબોધનમાં પ્રારંભે પ્રજાસત્તાક પર્વની શુભેચ્છા પાઠવી, ભારતની આઝાદી માટે યોગદાન અને બલિદાન આપનાર પુણ્યાત્માઓ અને શહીદોને ભાવાંજલિ વ્યકત કરી કૃતજ્ઞતા અનુભવી હતી. સાથે હાલની પડકાર જનક વિષમ પરિસ્થિતિમાં તન અને મનથી સમર્પિત થઈ દેશની રક્ષા કરી રહેલ જવાનોને શત શત નમન પાઠવ્યા હતા. સાથે જ આંતકવાદ, જાતિવાદ જેવા દુષણોને જળમૂળથી ફેંકી દેવા હાકલ કરી હતી. મીની ભારત ગણાતા સુરત શહેરમાં તમામ વર્ગના લોકો માટે શિક્ષણ, જાહેર આરોગ્ય, પાણી અને ડ્રેનેજ અંગેની નવી નીતિ મંજૂર કરી લોકોને પાયાની પ્રાથમિક સુવિધાઓ પુરી પાડવાની કટીબધ્ધતા વ્યકત કરી હતી. સુરત મહાનગરના વિકાસના વણથંભી ગતિનો ચિતાર આપી શહેરના છેવાડાના માનવી સુધી પહોંચવાની સુરત મહાનગપાલિકાએ કમર કસી છે. માન.વડાપ્રધાનશ્રીના ''સ્વચ્છ ભારત અભિયાન'', ડ્રીમ સીટી, બુલેટ ટ્રેન લાવવાના મકકમ નિર્ધાર અંતર્ગત કેન્દ્ર અને રાજય સરકારના સહયોગથી સુરત રેલ્વે સ્ટેશનને મોર્ડન બનાવવા સાથે શહેરી વિસ્તારમાં ટ્રાફિક સમસ્યા નિવારણ અને પરિવહન માટે નદી બ્રીજો, ફલાય ઓવર બ્રીજો, રેલ્વે ઓવર બ્રીજો, ખાડી બ્રીજો, ટ્રાફિક જંકશન પરના બ્રીજો, બીઆરટીએસ પ્રોજેકટો કરવા સંકલ્પબધ્ધતા વ્યકત કરી હતી. બાદમાં પ્રજાસત્તાક પર્વની શુભકામના અને હર્ષોલ્લાસ સાથે ત્રિરંગી ફુગ્ગાઓને અનંત ગગનમાં વિહરતા કર્યા હતા.

પ્રજાસત્તાક દિનની ઉજવણી અંતર્ગત તા.૧૯/૦૧/૨૦૧૮ના રોજ સ્કૂલ ચિલ્ડ્રન હોલ ખાતે યોજાયેલ નિબંધ અને વેશભૂષા હરિફાઈના વિજેતાઓને ટ્રોફી અને પ્રમાણપત્ર, રાષ્ટ્રીય–આંતરરાષ્ટ્રીય કક્ષાએ વિરલ સિધ્ધી હાંસલ કરેલ શહેરના ૭૦ રમતવીરોને ચેક અને સ્મૃતિભેટ તથા મા.પ્રધાનમંત્રીશ્રીના સ્વચ્છ ભારત મિશન અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા સ્વચ્છ સુરત, સુંદર સુરત, ગ્રીન સુરત જેવા પ્રજાભિમુખ કાર્યો માટે જન જાગૃતિ કેળવવામાં, ઓખી વાવાઝોડા જેવી કુદરતી આફતો પ્રસંગે આગોતરી જાણ કરીને સાવચેતીના પગલા લેવા ઉપરાંત અન્ય આરોગ્ય વિષયક સચોટ માહિતી નગરજનોને રેડિયોના માધ્યમથી પુરી પાડવા બદલ રેડિયો મિર્ચી ૯૮.૩ એફ.એમ.ના આર.જે. હર્ષ સોલંકી અને ૯૫ રેડ એફ.એમ.ના આર.જે. મિત મિશ્રાને પ્રશંસાપત્ર એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા.

ગણતંત્રદિનની લોકોના પર્વ તરીકે લોક સહયોગથી ઉજવણીમાં ધ્વજવંદનની સાથે રાંદેર ઝોન વિસ્તારની શાળાઓના વિદ્યાર્થીઓએ રજૂ કરેલ દેશભકિત અને લોકસંસ્કૃતિ પર આધારિત સાંસ્કૃતિક કાર્યક્રમને ઉપસ્થિત નગરજનોએ મન ભરીને માણ્યો હતો. સર્જનશ્રી સંસ્થાએ વંદન સુરત ભૂમિ...ગીત રજૂ કર્યું હતું. યોગ સ્પોર્ટસ એડવેન્ચર એસોસીએશનના બાળકોના મ્યુઝીકલ યોગગીત પર દિલધડક સ્ટંટ સાથેના અંગમરોડ યોગ નિદર્શનથી લોકોના દિલ જીતી લીધાં હતાં. શીશુકુંજ વિદ્યાવિહાર શાળા અને શ્રી એચ.વી.સ્વામીનારાયણ વિદ્યાલય તથા શ્રી કંચનલાલ મામાવાળા ન.પ્રા.શાળા નં.૮૮ના બાળકોએ લોકસંસ્કૃતિ અને દેશદાઝથી ભરેલી કૃતિઓ રજૂ કરી દેશભકિતનો અનેરો નઝારો ખડો કર્યો હતો. સુરત મહાનગરપાલિકા દ્વારા પ્રજાસત્તાક પર્વની રાત્રે સુરત મહાનગરપાલિકાના રાંદેર ઝોન વિસ્તારની ઈમારતોને રોશનીથી શણગારવામાં આવી હતી.

રાષ્ટ્રના ગૌરવ સમા આ શાનદાર પર્વની ઉજવણીમાં ધારાસભ્યશ્રી પુર્ણેશભાઈ મોદી, ધારાસભ્ય શ્રી વિવેકભાઈ પટેલ, ધારાસભ્યશ્રી પ્રવિણભાઈ ઘોઘારી, ધારાસભ્યશ્રી વિનુભાઈ ઝાલાવડીયા ડે.મેયરશ્રી શંકરલાલ ચેવલી,સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી રાજેશભાઈ દેસાઈ,મ્યુ.કમિશનરશ્રીએમ.થેન્નારાસન,આઈ.એ.એસ., શાસક પક્ષના નેતાશ્રી ગિરીજાશંકર મિશ્રા, સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષાશ્રીમતી રૂપલબેન શાહ, વિવિધ સમિતિના ચેરમનશ્રીઓ, મ્યુનિસિપલ સદસ્યશ્રીઓ, મ્યુનિસિપલ અધિકારીશ્રીઓ, શિક્ષકશ્રીઓ, શાળાના વિદ્યાર્થીઓ અને નગરજનો મોટી સંખ્યામાં ઉત્સાહભેર જોડાયા હતા.

સમાચારયાદી તા.૨૬/૦૧/૨૦૧૮, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.




સુરત મહાનગરપાલિકા


સુરત મહાનગરપાલિકા







## :: પ્રેસનોટ ::

### "સુરત મહાનગરપાલિકા આયોજીત ૧૭મો સ્વામી વિવેકાનંદ રાષ્ટ્રીય પુસ્તક મેળો"

**વિષય :** સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૪ થી ૨૮ જાન્યુઆરી ૨૦૧૮ દરમ્યાન વનિતા વિશ્રામ ગ્રાઉન્ડ ખાતે આયોજીત પુસ્તકમેળાના સેમીનાર હોલમાં યોજાયેલ સ્પર્ધાઓના ઈનામ વિતરણ બાબત.

સુરત મહાનગરપાલિકા દ્વારા "૧૭મો સ્વામી વિવેકાનંદ રાષ્ટ્રીય પુસ્તક મેળો 'વિદ્યા–૨૦૧૮, ૧૫મો રાષ્ટ્રીય બાગાયત હર્બલ મેળો અને ફલાવર શો 'સુમન–૨૦૧૮, ૭મો શિલ્પગ્રામ મેળો–શિલ્પગ્રામ–૨૦૧૮"નું આયોજન તા.૨૪/૦૧/૨૦૧૮ થી તા.૨૮/૦૧/૨૦૧૮ દરમ્યાન વનિતા વિશ્રામ ગ્રાઉન્ડ, અઠવાગેટ, સુરત ખાતે કરવામાં આવેલ છે. આ પુસ્તક મેળાના સેમિનાર હોલમાં વિવિધ સ્પર્ધાઓ, ગાર્ડન વિભાગ દ્વારા પુષ્પની જાળવણી અને ગોઠવણીને લગતી સ્પર્ધાઓ અને વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ.

સાંજે ૭.૦૦ કલાકે મનોરંજનસભર રંગારંગ કાર્યક્રમ, જુના ફિલ્મી ગીતોની સફર, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળાઓનો અને શહેરની શાળા/કલા સંસ્થાઓનો સાંસ્કૃતિક કાર્યક્રમ વિગેરે કાર્યક્રમો યોજવામાં આવેલ હતા. આવતી કાલે સીદી ધમાલ કાર્યક્રમ સાંજે ૭.૦૦ કલાકે યોજાશે. 'જ્ઞાનની પરબે, પુષ્પની સુવાસે અને શિલ્પગ્રામની સથવારે યોજાતા આ સાંસ્કૃતિક રસાસ્વાદને માણવા" જાહેર જનતાને નિમંત્રણ છે. આ પુસ્તક મેળાના સેમિનાર હોલમાં વિદ્યાર્થીઓ અને કલાકારોમાં છુપાયેલી સર્જનશીલતાને બહાર લાવવા તા.૨૫/૦૧/૨૦૧૮ અને તા.૨૭/૦૧/૨૦૧૮ના રોજ યોજાયેલ અનુક્રમે નિબંધ સ્પર્ધા અને રંગપુરણી હરિફાઈ નું પરિણામ નીચે મુજબ છે.

| **નિબંધ સ્પર્ધા (ધો.૬ થી ૧૦) તા.૨૫/૦૧/૨૦૧૮** | | |
|---|---|---|
| **વિજેતા ક્રમ** | **વિજેતાનું નામ** | **શાળાનું નામ** |
| પ્રથમ | રાણા કશ્યપ ચિત્રાંગ | સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલ |
| દ્વિતીય | કલસરિયા કાજલ શુકલભાઈ | સદભાવના વિદ્યાલય |
| તૃતીય | શીંગ દીપિકા ઓમપાલભાઈ | સુમન હાઈસ્કૂલ નં.–૧ |
| આશ્વાસન | તોગડીયા પુર્વા | સુર્ડસ કોન્વેન્ટ હાઈસ્કૂલ |
| | ઉપાધ્યાય હેમાંગીની દિપકકુમાર | એલ.એચ.બોઘરા શિશુવિહાર શાળા |
| | ચૌધરી કામિની કૈલાસ | શાળાનં ૪૭ |
| | વઘાસીયા ઝીલ ધર્મેશભાઈ | શ્રી સ્વામીનારાયણ ગુરૂકુળ વિદ્યાલય |
| | પ્રજાપતિ નીતા લીલારામભાઈ | શ્રી આર.કે.ચૌહાણપ્રા. શાળા |
| **રંગપુરણી સ્પર્ધા (ધો.૧ થી ૪) તા.૨૭/૦૧/૨૦૧૮** | | |
| **વિજેતા ક્રમ** | **વિજેતાનું નામ** | **શાળાનું નામ** |
| પ્રથમ | પ્રિન્સ પારેખ | એચ.એચ. સ્કૂલ |
| દ્વિતીય | રૂદ્ર ભાવેશ દવે | રૂ.સી.મા.પૂણાવાલા એક્સપેરીમેન્ટલ સ્કૂલ |
| તૃતીય | હેત્વી અમિતભાઈ | શ્રી રામાસાગરજી જૈન વિદ્યાશાળા |
| આશ્વાસન | ગોંડલીયા યશ્વી અલ્પેશભાઈ | રામકૃષ્ણ વિદ્યાભવન |
| | પંક્તિ પી.સેલર | જે.એચ.બી.સરદાર પ્રાથ.ઈગ્લીશ સ્કૂલ |
| | વિરડીયા યુક્ત વિજયભાઈ | મૌની ઈન્ટરનેશનલ સ્કૂલ |
| | પ્રાર્થના ઘનશ્યામભાઈ દેસાઈ | આશાદીપ વિદ્યાલય |
| | તક્ષ બિપીનભાઈ સુતરીયા | શ્રી સ્વામીનારાયણ ગુરૂકુળ વિદ્યાલય |
| | ચૌમિલ | એ.યુ.એસ.પ્રાયમરી ઈંગ્લીશ મીડી.સ્કૂલ |

ગાર્ડન વિભાગ દ્વારા તાજા ફુલોની ગોઠવણી, ફુલોના ગજરા/ફુલોની વેણી, ઔષધિય વનસ્પતિના કુંડા, સુકા ફુલોની ગોઠવણી, સલાડ ડેકોરેશન, ફુલોના હાર/તોરણ જેવી પુષ્પની જાળવણી અને ગોઠવણીને લગતી હરીફાઈઓ યોજાઈ હતી. તેના વિજેતાઓનો ઈનામ વિતરણ કાર્યક્રમ આવતીકાલે સાંજે ૬–૪૫ કલાકે ડોમનં ૫(પાંચ) સેમીનાર હોલમાં યોજાશે.

સમાચાર યાદી તા.૨૭/૦૧/૨૦૧૮, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.


૨૮/૦૧/૨૦૧૮ સ્થળ
વિશ્રામ મેદાન,


ફલાવર શો
થી ૨૮/૦૧/
સ્થળ : વનિતા વિશ્રામ








વિદ્યા
સુમન
૧૭મો સ્વામી વિવેકાનંદ
રાષ્ટ્રિય પુસ્તક મેળો
૧૫મો હોર્ટીકલ્ચર-હર્બલ
અને ફલાવર શો
સ્થળ : વનિતા


વિદ્યા
૧૭મો સ્વામી વિવેકાનંદ
રાષ્ટ્રિય પુસ્તક



